# ગાંધીનગર તાલુકાના સૌથી વૃદ્ધ મહિલા લાસુબેન ઓડનુ ૧૨૦ વર્ષની વયે અવસાન

ગાંધીનગર તાલુકાના સૌથી વયોવૃદ્ધ મહિલા પેથાપુરના લાસુબેન ધુળાજી ઓડનું ૧૨૦ વર્ષની વયે અવસાન થવા પામ્યુ છે. લાસુબેને તેમની જીંદગીમાં પોતાની ચાર પેઢીઓને રમાડી હતી.



ગાંધીનગર તાલુકાના પેથાપુર ખાતે સુરેલા વિસ્તારમાં મહાકાળી રોડ પરૂમાં રહેતા ૧૨૦ વર્ષીય લાસુબેન ધુળાજી ઓડનું અવસાન થવા પામ્યું છે. સ્વ. લાસુબેનને ૬ સંતાનો હતા જેમાં સૌથી મોટા પુત્રની ઉંમર આજે ૮૦ વર્ષની છે. લાસુબેને તેમના પૌત્રોના સંતાનને પણ રમાડ્યા હતા એટલે કે પોતાના જીવનકાળ દરમ્યાન પોતાની ચાર પેઢીને જોઈ હતી. લાસુબેનનો પરિવાર સામાન્ય પરિવાર છે અને લાસુબેન ઘરે માટીકામ કરતા હતા અને તેમનુ સ્વાસ્થ્ય સતત કાર્યરત રહેવાને કારણે સારૂ રહેવા પામ્યુ હતુ. સ્વ. લાસુબેન ઓડ કદાચ ગાંધીનગર તાલુકાના સૌથી વધુ વય ધરાવતા વ્યક્તિ હતા જેમનું અવસાન થતા તેમના પાર્થિવ દેહને સે. ૩૦ મુક્તિધામ ખાતે અંતિમ સંસ્કાર કરાયા હતા.

# ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા પોર્ટલ શરૂ કરાયું

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્યના નોંધાયેલા પાંજરાપોળ, ગૌશાળા અને ગ્રામ પંચાયતોને ગૌસેવાને લગતી વિવિધ યોજનાનો લાભ મળે તે માટે ગૌસેવા અને ગોચર વિકાસ બોર્ડે વિશેષ પોર્ટલ શરૂ કર્યુ છે. હવે સંચાલકો આવી યોજના માટે સીધી જ ઓનલાઈન અરજી કરી શકશે.

ગાંધીનગર સહિત ગુજરાતમાં જુદી જુદી અનેક ગૌશાળા અને પાંજરાપોળ આવેલી છે. આ પાંજરાપોળમાં વિવિધ સરકારી યોજનાઓનો લાભ સરકાર દ્વારા આપવામાં આવે છે. આ યોજનાનો લાભ મેળવવા સંચાલકોએ અગાઉ ઓફલાઈન અરજી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં કરવાની રહેતી હતી. ઓફલાઈન અરજી માટે અનેક મુશ્કેલીઓ બોર્ડ અને અરજદારો વચ્ચે ઉભી થતી હતી.

આ સમસ્યાના નિવારણ માટે ગૌસેવા અને ગોચર વિકાસ બોર્ડે વિવિધ સહકારી યોજનાઓનો લાભ લેવા નોંધાયેલા પાંજરાપોળ સંચાલકો માટે વિશેષ પોર્ટલ શરૂ કર્યુ છે. આ પોર્ટલ પર લાભાર્થી આજથી તા. ૭ જુનથી ૬ જુલાઈ ૨૦૧૮ સુધી અરજી કરી શકશે તેમ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડે જણાવ્યુ હતુ.

# શહેરના ટાઉનહોલ ખાતે મેગા ડાન્સ એન્ડ ફેશન શો યોજાશે

ગાંધીનગર, તા. ૬

પાટનગરમાં નૃત્યની તાલિમ આપતી સંસ્થા પૂજન ડાન્સ એકેડમી દ્વારા આયોજીત સમર કેમ્પમાં નૃત્ય-નાટયકૃતિઓની તાલિમ પામેલા બાળકોથી લઈને વડીલોનું પર્ફોમન્સ મેળવી છે. તેમજ આદિવાડા સરકારી શાળા અને ગાંધીનગરની સરકારી બાળાઓને પણ નૃત્યની તાલિમ આપીને સ્ટેજ પુરુ પાડવમાં આવશે. સ્પેશ્યલ બાળકોને પણ ફેશન શો નો સમાવેશ થાય છે. ફેશન શો નું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરના સે-૨ડી સ્થિત પૂજન ડાન્સ કલાસ દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ મેગા ડાન્સ અને ફેશન શો



ગાંધીનગર ટાઉનહોલ ખાતે આગામી તા.૯મી જુનને શનિવારના રોજ રાત્રે ૮ કલાકે યોજાશે. પૂજન ડાન્સ કલાસમાં હાલના સમયે ૩ વર્ષથી લઈને ૬૫ વર્ષના વડીલો પણ ડાન્સની તાલિમ મેળવી મેગા ડાન્સમાં પર્ફોમન્સ આપવા તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

પૂજન ડાન્સ કલાસના સંચાલક પ્રજ્ઞા ગજ્જર આ અંગે વધુ વિગતો આપતા જણાવે છે કે પૂજન ડાન્સ કલાસમાં સમર કેમ્પ દરમિયાન ૧૫૦ જેટલા બાળકો, યુવાનો-યુવતિઓ સહિત માતાઓએ પણ નૃત્યની તાલિમ સ્પેશીયલ ગ્રાફીકસ ડાન્સ, ઝુમ્બા ડાન્સ, રેટ્રોમેલોડી, હીપહોપ, પોંપીગ તેમજ રેડીયોથીમ પદમાવતી થીમ આધારીત કૃતિઓ રજુ કરવાના છે. આ કાર્યક્રમમાં ડીઆઈડી ફેઈમ પ્રિયાકુમારી અને લીટલ માસ્ટર સબસે બડા કલાકાર ફેઈમ રૂષી પંચાલનું સ્પેશીયલ પર્ફોમન્સ રહેશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર સમાચારના તંત્ર કૃષ્ણકાંત જહા તેમજ ભૈરવીબેન લાખાણી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને નિહાળવા માટે ખાસ વૃધ્ધાશ્રમના વડીલો હાજર રહેશે. આ ઉપરાંત નિહાળવા માટે નગરના સૌ કલાપ્રેમીઓને પૂજન ડાન્સ કલાસ અને પૂજન ફાઉન્ડેશન દ્વારા હાર્દિક અનુરોધ કરાયો છે. આ મેગા ડાન્સની ટીકીટ માટે પ્રજ્ઞા ગજ્જર - ૯૯૦૪૨૫૧૬૫૧, તેમજ જયોતિબેન ઠક્કર - ૯૮૨૫૬૮૦૯૦૮,વૈશાલીબેન જોશી - ૯૯૨૫૨ ૩૪૯૮૫, ડિમ્પલ દેસાઈ - ૯૯૨૫૨ ૩૪૯૯૦ પર સંપર્ક કરવો. તેમજ આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પૂજન ફાઉન્ડેશનના કર્તાહર્તા રૂપેશ ગજ્જર ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# દર ત્રણ વર્ષે આવતો અધિક માસ હવે ૨૦૨૦ના સપ્ટેમ્બર માસમાં આવશે

ગાંધીનગર, તા.૬

હિન્દુ સમાજમાં સમયાંતરે દરેક માસમાં આવતા ધાર્મિક પ્રસંગોની અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે. દરેક ધાર્મિક પર્વની પાછળ કોઈને કોઈ કથા અવશ્ય સંકળાયેલી હોય છે. ધાર્મિક પર્વના મહાત્મ્ય મુજબ ભાવિકો વ્રત, કથા, વાર્તા, ગૌ પૂજા, બ્રહ્મભોજન, પીપળા પૂજન જેવી અનેક બાબતો સાંકળી ધર્મની ભાવનાને ઉદાત કરે છે. અત્યારે અધિક માસ ચાલી રહ્યો છે. જેમાં ખાસ કરીને બહેનો આખો મહિનો ખાસ પ્રકારની પૂજા 'કાંઠા ગોર'થી અધિકમાસની ઉજવણી કરે છે.

ચંદ્રમૌલેશ્વર મહાદેવ મહિલા મંડળ સે-૬ની મહિલાઓ અધિકમાસની કથા પાછળનું રહસ્ય સમજાવતા જણાવે છે કે ગોલોકાધિપતિ, ગોપીવલ્લભ, ગોવર્ધનધારી ભગવાન શ્રીકૃષ્ણનું શરણ પામનાર માસ અમૃતમાસ બન્યો. સહસ્ત્રગણું ફળ આપનાર આ પવિત્ર પાવન માસમાં ધર્મ ધ્યાન કરનાર, વ્રત-તપ-જપ કરનાર બ્રહ્મભોજન કરાવી યથાશકિત દાન-દક્ષિણા દેનારા વ્રત પૂર્ણ થયે અન્નવસ્ત્રના દાન કરનાર મૃત્યુલોકના સકળ સુખ ભોગવીને અંતઃકાળે વૈકુંઠની પ્રાપ્તિ કરે છે. અધિક માસનું માહાત્મ્ય એટલું બધું છે કે થોડા પણ સતકૃત્યથી મહાનકુળની પ્રાપ્તિ થાય છે. ધર્મિષ્ઠ બહેનો એકટાણા, ધારણા-પારણા કરીને આ વ્રત કરે છે. કાંઠાગોરની પૂજામાં એક ખાસ પ્રકારની વાર્તાનું વાંચન કરી આખો માસ બહેનો ભાવભકિતપૂર્વક ઉજવે છે.

૧૬મ મેથી ૧૩મી જૂન સુધી ચાલનારો અધિકમાસ દર ત્રણ વર્ષે આવે છે. હવે પછી અધિકમાસ સંવત ૨૦૧૭૬ના આસો મહિનામાં ૧૮મી સપ્ટેમ્બર વર્ષ ૨૦૨૦માં આવશે. જે ૧૬મી ઓકટોબરે પૂર્ણ થશે.

| સંવત | અધિકમાસ | તારીખ |
|---|---|---|
| ૨૦૫૭ | આસો | ૧૮-૯-૨૦૦૧ થી ૧૬-૧૦-૨૦૦૧ |
| ૨૦૬૦ | શ્રાવણ | ૧૮-૭-૨૦૦૪ થી ૧૬-૮-૨૦૦૪ |
| ૨૦૬૩ | જેઠ | ૧૭-૫-૨૦૦૭ થી ૧૫-૬-૨૦૦૭ |
| ૨૦૬૭ | વૈશાખ | ૧૫-૪-૨૦૧૦ થી ૧૪-૫-૨૦૧૦ |
| ૨૦૬૮ | ભાદરવો | ૧૮-૮-૨૦૧૨ થી ૧૬-૯-૨૦૧૨ |
| ૨૦૭૧ | અષાઢ | ૧૭-૬-૨૦૧૫ થી ૧૬-૭-૨૦૧૫ |
| ૨૦૭૪ | જેઠ | ૧૬-૫-૨૦૧૮ થી ૧૩-૬-૨૦૧૮ |
| ૨૦૭૬ | આસો | ૧૮-૯-૨૦૨૦ થી ૧૬-૧૦-૨૦૨૦ |
| ૨૦૭૯ | શ્રાવણ | ૧૮-૭-૨૦૨૩ થી ૧૬-૮-૨૦૨૩ |
| ૨૦૮૨ | જેઠ | ૧૭-૫-૨૦૨૬ થી ૧૫-૬-૨૦૨૬ |
| ૨૦૮૪ | ચૈત્ર | ૧૬-૩-૨૦૨૯ થી ૧૩-૪-૨૦૨૯ |
| ૨૦૮૭ | ભાદરવો | ૧૯-૮-૨૦૩૧ થી ૧૬-૯-૨૦૩૧ |
| ૨૦૯૦ | અષાઢ | ૧૭-૬-૨૦૩૪ થી ૧૫-૭-૨૦૩૪ |
| ૨૦૯૩ | જેઠ | ૧૬-૫-૨૦૩૭ થી ૧૩-૬-૨૦૩૭ |
| ૨૦૯૫ | આસો | ૧૯-૯-૨૦૩૯ ૧૭-૧૦-૨૦૩૯ |
| ૨૦૯૮ | શ્રાવણ | ૧૮-૭-૨૦૪૨ થી ૧૫-૮-૨૦૪૨ |
| ૨૧૦૧ | જેઠ | ૧૭-૫-૨૦૪૫થી ૧૫-૬-૨૦૪૫ |
| ૨૧૦૩ | ચૈત્ર | ૧૫-૩-૨૦૪૮ થી ૧૩-૪-૨૦૪૮ |

# કચરાના ઢગ દૂર કરી સ્વસ્થ ગુજરાતનું નિર્માણ કરાશે

**સાણંદના લોકોને ડસ્ટબીન-ઇકોબેગનું વિતરણ કરાયું : રાજ્યના ૪૦૦ મોટા શહેરોમાં બહાર કચરો ફેંકવા પર દંડાત્મક કાર્યવાહી કરવા ગુજરાત સરકાર વિચારાધીન**

અમદાવાદ,તા.૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન દરમ્યાન રાજયમાં કચરાના ઢગલાઓ દૂર નગરના બસમથક પાસે ડો. સાહેબ આંબેડકરજીની પ્રતિમાને પૂષ્પાંજલિ અર્પણ કરીને સાણંદ નગરપાલિકાના આ સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.



કરી સ્વસ્થ-તંદુરસ્ત ગુજરાતના નિર્માણ સંકલ્પબધ્ધતા વ્યકત કરી છે. વિશ્વ પર્યાવરણ દિવસ પાંચમી જૂનથી ૧૧ જૂન દરમ્યાન રાજયમાં યોજાઈ રહેલા પર્યાવરણ સ્વચ્છતા અભિયાન તહેત મુખ્યમંત્રીએ આજે અમદાવાદના સાણંદમાં માર્ગોની સફાઈ કરીને શ્રમદાન કર્યુ હતુ. વિજયભાઈ રૂપાણીએ એવો પણ સંકેત આ અવસરે આપ્યો હતો કે, રાજયમાં ૪૦૦ જેટલો મોટા શહેરો-નગરોમાં કચરો બહાર ફેંકવા સામે દંડાત્મક કાર્યવાહી કરવાની દિશામાં પણ રાજય સરકાર વિચારાધિન છે. તેમણે કહ્યુ કે, કોઈ પણ વ્યકિત જાહેરમાં કચરો ન ફેંકે તે માટે સમજણ અને જનજાગૃતિ આ અભિયાન અંતર્ગત જણાવવામાં આવશે ૫૧ હજાર જેટલી શણની થેલીઓ-જયૂટ બેગ્સનું વિતરણ પણ આ અભિયાનના સપ્તાહ દરમ્યાન કરાશે. મુખ્યમંત્રીએ સાણંદ તેમણે સ્વચ્છતાવે સ્વભાવ બનાવીને અન્યોને પણ તે માટેની પ્રેરણા પૂરી પાડવાની નિતાંત આવશ્યકતા સમજાવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, સાણંદ ઉધોગને આધારે સમગ્ર વિશ્વમાં જાણીતું શહેર બન્યુ છે ત્યારે સાણંદની સ્વચ્છતાને પણ વિદેશના લોકો આવકારે તેવું ચોખ્ખુ ચણાક બનાવવું છે. સાણંદને સ્વચ્છ રાખવા માટે ૮ હજાર ડસ્બિનનું પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતુ તેની તેમણે પ્રશંસા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ ગાંધીજીની ૧૫૦ જન્મ જયંતિના ઉપલક્ષ્યમા સ્વચ્છ ભારત મિશન ઉપાડયુ છે તેને આગળ વધારતા ભારત સંસ્કુત અને સ્વચ્છ દેશ છે તેવી છબી ઉજાગર કરવામાં ગુજરાત અગ્રેસર રહેશે તેની ભૂમિકા પણ તેમણે આપી હતી. વિજયભાઈ રૂપાણી જણાવ્યુ હતુ કે,પ્લાસ્ટિક વિકાસનું મટિરિયલ છે પરંતુ ૫૦ માઈકોનથી નીચેનું પ્લાસ્ટિક જળ, જમીન બગાડવા સાથે પર્યાવરણ પણ બગાડે છે તેથી પ્લાસ્ટિકનો વિવેકપૂર્ણ ઉપયોગ અર્નિવાય છે આજે નહિ તો કાલે આ પણ સમજવું પડશે તો આજે જ તેની જરૂરિયાત સમજી શા માટે અમલ ન કરવો ? તેમણે ઉમેર્યુ કે કચરો નહી હોય તો ગંદકીથી થતા રોગ પણ અટકશે અને સ્વચ્છ તંદરસ્ત ભાવિ પેઢીનું નિર્માણ કરી શકાશે. સાણંદ નગરપાલિકા પ્રમુખ રક્ષાબેન પરમારે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ કે પર્યાવરણ જાગૃતુ કોઈ વ્યકિતગત જવાબદારી નથી પરંતુ આપણા સૌની સામુદાયિક જવાબદારી છે સાણંદના નગરજનોને પ્લાસ્ટિક મૂકત સાણંદ બનાવવા માટે તેમણે અનુરોધ કર્યો હતો. આ સ્વચ્છતા અભિયાન અવસરે ધારાસભ્ય કનુભાઈ, પૂર્વ સંસદ સભ્ય રતિલાલ વર્મા, જિલ્લા ભાજપ પ્રમુખ આર.સી.પટેલ, પૂર્વ ધારાસભ્ય કરમશીભાઈ જિલ્લા કલેકટર ડો. વિક્રાંત પાંડે, જિલ્લા વિકાસ અધિકારી એ.એમ.બાબુ , વરિષ્ઠ પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મેવાણીને મારી નાંખવાની ધમકી મળતાં ભારે ચકચાર

**તુમ જીજ્ઞેશ મેવાણી હો તો, તુમ્હેં ગોલી માર દુંગા : ફોન કરનારા શખ્સે હિન્દીમાં ધમકી આપી : ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ટવિટ્ કરી ધમકી મળ્યાનો દાવો કર્યો**

અમદાવાદ,તા. ૬

ભાજપ અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂધ્ધ વિવાદીત અને હિંમતભરી ટિપ્પણીઓ કરીને છાશવારે વિવાદમાં આવતાં દલીત નેતા અને વડગામની બેઠકનાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને જાનથી મારવાની ધમકી મળતાં ગુજરાતના રાજકારણમાં ભારે ચકચાર મચી ગઈ છે. દલિતો પરના અત્યાચારની ઘટનાઓ બાદ હવે તેમના લોકપ્રિય દલિત નેતા જીજ્ઞેશ મેવાણીને જાનથી મારી નાંખવાની ધમકી મળતાં દલિત સમાજમાં ભારે ચિંતા પ્રસરવાની સાથે સાથે ઉગ્ર આક્રોશની લાગણી પણ ફેલાયેલી જોવા મળી હતી. મેવાણીને ફોન પર રણવિર મિશ્રા નામના શખ્સે ધમકી આપી છે. મેવાણીએ ટ્વિટ કરીને ધમકી મળ્યાનો દાવો કર્યો હતો. જીજ્ઞેશના સાથીદારે ધમકીભર્યો ફોન ઉઠાવ્યો હતો. ખુદ દલિત નેતા અને વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી તરફથી પોતાનાં ટ્વિટર પર આ મામલે ટ્વિટ કરીને જાણકારી આપવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, તેમને જાનથી મારી નાખવાની જે ધમકી મળી છે એટલે કે જે ફોન આવ્યો છે. જે તેમનાં નજીકનાં સાથીદારે રિસીવ કર્યો હતો. ફોન કરનાર શખ્સે ફોન કરી જણાવ્યું હતું કે, તુમ જીજ્ઞેશ મેવાણી હો તો, તુમ્હેં ગોલી માર દૂંગા. જીજ્ઞેશનો ફોન તેના સાથી મિત્ર પાસે હતો અને તેણે ફોન ઉઠાવ્યો હતો. ધમકી મળ્યા બાદ તેણે મેવાણીને વાત કરી હતી. જીજ્ઞેશ મેવાણીને જે ધમકી આપવામાં આવી છે તેને લઈ તેનાં નજીકનાં સાથીદારોમાં વિશેષ ચિંતા જોવા મળી રહી છે. જો કે આ ફોન આવ્યો તે એક તપાસનો વિષય છે કે આ ફોન કેટલો સત્ય છે અને પોલીસ પણ આ મામલે તપાસ હાથ ધરી રહી છે. મહત્વનું છે કે આ મામલે હાલમાં કોઈ પણ પ્રકારની આ મામલે જીજ્ઞેશ મેવાણી દ્વારા ફરિયાદ કરવામાં નથી આવી પરંતુ તેઓએ ટ્વિટ કરીને તેનાં વિશે માહિતી આપી છે. જો કે તેમને એવો દાવો કર્યો છે કે કદાચ નજીકનાં જ કોઈ ન સાથીદારે ફોન કરીને ધમકી આપી હોઈ શકે છે. મેવાણીને જાનથી મારી નાંખવાની ધમકી મળતાં ગુજરાતનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. અંદરખાને ધમકી ભાજપ અને તેના સમર્થકો તરફથી મળી હોય તેવી ચર્ચા દલિતસમાજમાં જોરશોરથી ચાલી હતી. જો કે, દલિતસમાજ તેમના લોકપ્રિય નેતાને જાનથી મારી નાંખવાની ધમકી મળવાને લઈ ચિંતિત બન્યો હતો અને આ મામલે ઉગ્ર આક્રોશની લાગણી દલિત સમાજમાં ફેલાઈ હતી.

## આજે આણંદમાં શ્રમદાન કરી અભિયાન શરૂ કરશે

અમદાવાદ,તા.૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ ગુરૂવાર ૭મી જૂને મધ્ય ગુજરાતના આણંદના લોટિયા ભાગોળ વિસ્તારમાં પર્યાવરણ-સ્વચ્છતા અભિયાનનું નેતૃત્વ કરશે. રાજયભરમાં પ્લાસ્ટિક પ્રદૂષણને નાથવા સાથે સ્વચ્છતા સફાઈ અભિયાન પાંચમી જૂન થી ૧૧ જૂન દરમ્યાન પર્યાવરણ સ્વચ્છતા અભિયાન મુખ્યમંત્રીની પ્રેરણાથી યોજાઈ રહ્યું છે. વિજય રૂપાણી આવતીકાલે સવારે ૯ કલાકે આણંદ પહોંચશે અને આ અભિયાનનું નેતૃત્વ કરશે.

## અમદાવાદ કલેકટર કચેરી "નો પ્લાસ્ટિક ઝોન" બનશે

અમદાવાદ, તા. ૬

સમગ્ર રાજયમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજયમાં પ્લાસ્ટિકનો વપરાશ ઘટે, પ્લાસ્ટિકના વપરાશના મર્યાદિત ઉપયોગ અંગે જન જાગૃતિ કેળવાય તે માટે રાજયભરમાં અભિયાન ચાલી રહ્યું છે તે અંતર્ગત અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી પણ "નો પ્લાસ્ટિક ઝોન" બનશે તેવી જિલ્લા કલેકટર ડો. વિક્રાંત પાંડેની જાહેરાતને મુખ્યમંત્રીએ આવકારી હતી. રાજયભરમાં આજથી શરુ થયેલા "પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન" અંતર્ગત અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા આ સ્તુત્ય નિર્ણયની પ્રશંસા કરી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ કલેકટર કચેરીને "નો પ્લાસ્ટિક ઝોન" બનાવવાનો નિર્ણય અત્યંત આવકાર્ય અને અન્યને પ્રેરણા પુરી પાડનારો બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# આરટીઈ હેઠળ પ્રવેશમાં ફરીથી ખાનગી શાળાઓના ધાંધિયા

અમદાવાદ,તા.૬

રાજયમાં શાળા સંચાલકો અન્ય રાજયોના નિયમ બતાવી ગરીબ બાળકોને એડમીશન માટે ઈન્કાર કરતી શાળાઓ સામે શિક્ષણ વિભાગે લાલ આંખ કરી છે. આરટીઈ હેઠળ એડમિશનનો મામલે અમદાવાદની ઉદગમ સ્કૂલની દાદાગીરી સામે આવી છે. શહેરની ઉદગમ સ્કૂલે ૩૫ જેટલા ગરીબ બાળકોને એડમીશન નહીં આપ્યા બહાર આવ્યું છે. જેને પગલે શિક્ષણ વિભાગે ઉદગમ સ્કૂલને નોટિસ ફટકારી છે. બીજીબાજુ, આરટીઈ હેઠળ રાજયમાં પ્રવેશનો બીજો રાઉન્ડ તા.૨ જી જૂનથી શરૂ કરવાની જાહેરાત કરનાર સત્તાવાળાઓની સમયમર્યાદા પર ચાર દિવસ વીતી ગયા હોવાછતાં હજુ સુધી બીજા રાઉન્ડની જાહેરાત નહી થતાં વાલીઓમાં ઉગ્ર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. આ અંગે સામાજિક કાર્યકર ચંદ્રવદન ધ્રુવ દ્વારા રાજયના શિક્ષણવિભાગ, પ્રાથમિક શિક્ષણ નિયામક સહિતના સત્તાધીશોને રજૂઆત કરી તાત્કાલિક આરટીઈ હેઠળ પ્રવેશનો બીજો રાઉન્ડ શરૂ કરવા માંગણી કરી છે. આરટીઈ એકટની જોગવાઈ મુજબ, દરેક શાળાઓમાં સમાજના ગરીબ અને નબળા વર્ગના ૨૫ ટકા બાળકો માટેની બેઠક અનામત રાખવી ફરજિયાત છે અને સરકારના સત્તાવાળાઓની પ્રક્રિયા અનુસાર આવા જરૂરિયાતમંદ બાળકોને આરટીઈ હેઠળ પ્રવેશ આપવાનો હોય છે પરંતુ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલી ઉદ્‌ગમ સ્કૂલ દ્વારા ૩૫ જેટલા બાળકોને કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને પ્રવેશ આપવાનો સાફ ઈન્કાર કરી દેવાતાં નવો વિવાદ સામે આવ્યો છે. આ સમગ્ર મામલે ડીઈઓ દ્વારા આગામી ત્રણ દિવસમાં પ્રવેશ આપી જાણ કરવા શિક્ષણ વિભાગે આદેશ કર્યો છે. પરંતુ હાલ તો વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ એડમિશન ના મળતા વિદ્યાર્થીઓનું ભાવિ જોખમમાં મુકાયું છે. દરમ્યાન સામાજિક કાર્યકર ચંદ્રવદન ધ્રુવે આરટીઈ હેઠળ પ્રવેશના બીજા રાઉન્ડની હજુ સુધી જાહેરાત નહી થતાં આ સમગ્ર મામલે શિક્ષણ સત્તાવાળાઓ સહિતના સત્તાધીશોને ઉગ્ર રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ દ્વારા તા.૧૮-૫-૨૦૧૮ના રોજ પ્રથમ રાઉન્ડ જાહેર કરાયો હતો અને તેમાં ૮૦,૧૯૯ બાળકોને પ્રવેશ ફાળવાયો હતો, બાકીના ૪૫,૫૩૦ બાળકોને પ્રવેશના બીજા રાઉન્ડમાં સમાવાશે તેવું જાહેર કરાયું હતું. એટલું જ નહી, સરકારના સત્તાવાળાઓએ તા. ૨ જી જૂનથી આરટીઈ હેઠળનો પ્રવેશનો બીજો રાઉન્ડ શરૂ કરવાની જાહેરાત પણ કરી હતી પરંતુ તે સમયમર્યાદા વીત્યે ચાર દિવસ વીતી જવાછતાં હજુ સુધી સત્તાવાળાઓ દ્વારા બીજા રાઉન્ડની જાહેરાત કરાઈ નથી. જે બાળકોના પ્રવેશ મંજૂર કરાયા નથી.

## રેપોરેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલાથી જ વ્યાજદરમાં વધારો થશે તેમ માની રહ્યા હતા. બોન્ડ યિલ્ડમાં પણ આના લીધે તેજી આવવાના સંકેત છે. ફુગાવામાં વધારો થવાના સંકેત છે. પ્રથમ વખત એમપીસીની બેઠક બે દિવસના બદલે આ વખતે ત્રણ દિવસ મળી હતી. ચોક્કસ વહીવટી કવાયતનું કારણ આપીને આ મિટિંગ ત્રણ દિવસ ચાલી હતી. એપ્રિલમાં રેટની સમીક્ષા વેળા બે સભ્યો દ્વારા રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. સીપીઆઈ ઈન્ડેક્સ અથવા તો રિટેલ ફુગાવાનો આંકડો એપ્રિલ મહિનામાં ૪.૫૮ ટકા હતો જે તે પહેલાના મહિનામાં ૪.૨૮ ટકા હતો. એપ્રિલ-સપ્ટેમ્બરના ગાળા દરમિયાન આરબીઆઈના રિટેલ ફુગાવાનો આંકડો ૪.૭-૫.૧ ટકા રહેવાની વાત કરવામાં આવી છે. રિઝર્વ બેંકની છ સભ્યોની એમપીસીની બેઠકમાં તમામ પાસાઓ ઉપર વિચારણા થઈ હતી. આરબીઆઈએ રિટેલ ફુગાવાનો અંદાજ ૪.૮થી ૪.૯ ટકા કર્યો છે જ્યારે બીજી અવધિ માટે ૪.૭ ટકા રખાયો છે. જાન્યુઆરી ૨૦૧૪માં આરબીઆઈએ છેલ્લી વખતે રેપોરેટમાં વધારો કર્યો હતો અને તે વખતે રેટ આઠ ટકા હતો ત્યારબાદથી રેટને ઘટાડવામાં આવી રહ્યો હતો અથવા તો યથાવત રાખવામાં આવી રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આરબીઆઈની વર્ષ ૨૦૧૮-૧૯ની તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા ૫મી એપ્રિલના દિવસે જારી કરવામાં આવી હતી જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

## ઠાર કર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને હાલ આ લખાઈ રહ્યું છે ત્યારે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

રમજાનને લઈને સ્થાનિક લોકો ઘરની બહાર હોવાથી સેનાને સર્ચ ઓપરેશનમાં ભારે મુશ્કેલી પડી રહી છે. આ સમગ્ર વિસ્તાર આતંકી સંગઠન લશ્કર-એ-તોયબાનો ગઢ માનવામાં આવે છે. અહેવાલો અનુસાર કેન્દ્રીય ગૃહ પ્રધાન રાજનાથસિંહ આવતીકાલે કાશ્મીરની સ્થિતિની સમીક્ષા કરવા શ્રીનગર જનાર હોઈ એવામાં આતંકીઓ હુમલા કરીને કાશ્મીરની સ્થિતિને વણસાવવા માગે છે.

## દેવુ માફ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મધ્ય પ્રદેશની સરકારે ખેડૂતો પર ગોળીઓ ચલાવી. દેશ આખાના ખેડૂતો પોતાનો અધિકાર માંગી રહ્યાં છે. ખેડૂતો આત્મહત્યા કરી રહ્યાં છે. તે પછી તે પીએમ મોદીની સરકાર હોય કે કોઈ પણ રાજ્યમાં ભાજપની સરકાર હોય. ભાજપના દિલમાં ખેડૂતો માટે કોઈ જ સ્થાન નથી.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દિવસભર વડાપ્રધાન મોદી અને શિવરાજ સિંહ ચૌહાણ વાતો કરતા રહે છે પરંતુ ખેડૂતો વિષે કંઈ જ નથી બોલતા. આ લોકો ખેડૂતોની પૂજા તો કરે છે પણ તેમના ફેવા માફ નથી કરતા.

જો અમારી સરકાર આવશે તો ખેતરની બાજુમાં જ ફૂડ પ્રોસેસિંગ પાર્ક બનાવી ખેડૂતોને ભરપૂર લાભ કરાશે. હું ઈચ્છુ છું કે, અહીં થતું લસણ આગામી દસ વર્ષમાં ચીનની રાજધાનની બેઈજીંગના લોકો ખાય.

રાહુલે કહ્યું, મને જણાવવામાં આવ્યું છે કે ૧૨૦૦ ખેડૂતોએ મધ્યપ્રદેશમાં આત્મહત્યા કરી છે. એક પછી એક મંદસૌરના ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. હિંદુસ્તાનમાં સૌથી અમીર લોકોની લાખો, કરોડોની એનપીએ છે. ૨.૫ લાખ કરોડ મોદીએ પોતે તેમને આપ્યા. શું આ લોકોના પરિવારોમાં કોઈએ આત્મહત્યા કરી? ખેડૂતોને જણાવવામાં આવે છે કે દેવું છે, જાઓ આત્મહત્યા કરો. હિંદુસ્તાનના સૌથી અમીર લોકો પર લાખો-કરોડોનું દેવું હોય છે. કહે છે તમે માલ્યા છો, લલિત મોદી છો, નીરવ મોદી છો, અમારી પાસેથી પૈસા લો અને ભાગી જાઓ. ન સજા થશે, ન કાર્યવાહી થશે. ૩૦ હજાર કરોડ રૂપિયા નીરવ મોદીના ખિસ્સામાં જશે.

## પ્રશ્ન રજૂ ન થયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભિયાનમાં જોડાયા હતા. ગાંધીનગરમાં પણ ૬૨ ગ્રામસભા સંપન્ન થઈ છે અને ૬૦૫૫ લોકોએ તેમાં હાજરી આપી છે. દહેગામમાં ૪૨ ગ્રામસભાઓ સંપન્ન થઈ છે અને ૩૯૩૨ લોકોએ હાજરી આપી છે.

આ ગ્રામસભાઓમાં અત્યાર સુધીમાં સૌથી વધુ પ્રશ્નો માણસા તાલુકામાં રજુ થયા છે જેની સંખ્યા ૬૮ છે જ્યારે બીજા ક્રમે ગાંધીનગર તાલુકો આવે છે જ્યાં ૬૬ પ્રશ્નો રજુ થયા છે. જ્યારે દહેગામ તાલુકામાં માત્ર ૬ પ્રશ્નો રજુ થયા છે અને કલોલમાં ૧૫ પ્રશ્નો રજુ થયા છે.

જે ૨૨ પ્રશ્નો વણઉકલ્યા રહેવા પામ્યા છે તેમાં માણસા તાલુકાના ૧૩ અને ગાંધીનગર તાલુકાના ૦૯ પ્રશ્નોનો સમાવેશ થાય છે. કલોલ તાલુકામાં રજુ થયેલા ૧૫ પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ થયો છે જ્યારે દહેગામમાં રજુ થયેલા ૬ પ્રશ્નો પૈકી ૩ નો સ્થળ પર નિકાલ થયો છે અને ૬ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવ્યો છે.

ગ્રામસભા અભિયાન જે રીતે નિષ્ફળ જઈ રહ્યુ છે તેને લઈ તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. આ અભિયાનમાં લોકો તેમના પ્રશ્નો બાબતે જે મૌન સેવી રહ્યા છે તે તંત્રની ચિંતાનો મુદ્દો બન્યા છે.

## પોરા મળી આવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે જે લોહીના નમૂના ચકાસણી માટે મોકલાયા હતા જેમાંથી આજ સુધીમાં એક પણ કેસ મેલેરિયા પોઝીટીવનો જણાયો નથી.

જિલ્લામાં મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે તેને તંત્ર અભિયાનની સફળતા ગણાવી રહેલ છે. મળી આવેલા બ્રિડીંગ સ્થાનો પર તંત્રની ટીમ દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. પોરા મળતાં જ તંત્ર દ્વારા જે કામગીરી થઈ રહી છે તે મેલેરિયા નાબુદી અભિયાનને વધુ બળ પુરૂ પાડશે તેમ તંત્રનું માનવુ છે. આ વખતે પણ મેલેરિયાને નાથવા અમે તૈયાર છીએ તે થીમ સફળ થઈ રહી હોવાનું તંત્રનું માનવુ છે.

નવમી જુન સુધી આ અભિયાન ચાલશે. આજ સુધીમાં ૫૦ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ જવા પામી છે હવે પછીના ત્રણ દિવસમાં બાકી રહેલા વિસ્તારોમાં પણ સઘન સર્વેલન્સ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.